એકમ 1 : વીસમી સદી - વિશ્વ અને ભારત

20મી સદી દરમિયાનનું વિશ્વ એ માનવજીવનમાં વિવિધ ક્ષેત્રોમાં થયેલાં સંશોધનો અને પ્રગતિનાં દીર્ઘકાલીન પરિણામોનું સાક્ષી છે. એશિયા અને આફ્રિકામાં પ્રસરેલા સંસ્થાનવાદની પ્રવૃત્તિએ યુરોપિયન સંસ્થાનવાદી સત્તાઓ વચ્ચે જે વૈમનસ્ય સર્જ્યું, તેણે વિશ્વ રાજકારણમાં એવાં પરિણામો વારસામાં આપ્યાં કે જેણે પ્રથમ વિશ્વયુદ્ધ, રશિયાની બૉલ્શેવિક-ક્રાન્તિ, જર્મની, ઇટાલી, સ્પેન વગેરેમાં સરમુખત્યારશાહીનો ઉદય તેમજ દ્વિતીય વિશ્વયુદ્ધ જેવા એક પછી એક બનાવો બન્યા. સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી લાલસાએ અણુશસ્ત્રો તેમજ અન્ય સંહારક શસ્ત્રોના પ્રયોગે સમગ્ર વિશ્વને ક્ષુબ્ધ બનાવી દીધું. અલબત્ત, માનવજાતના હૈયામાં પ્રગટેલી શાંતિ અને સલામતીની ઝંખનાએ સંયુક્ત રાષ્ટ્રો (U.N.)ને જન્મ આપ્યો; સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે પ્રભાવક્ષેત્રો વિસ્તારવાની જે હોડ ચાલી, તેમાંથી જ 'ઠંડા-યુદ્ધ' (Cold war)નો ઉદ્‌ભવ થયો. આ ઠંડા યુદ્ધનાં બે કેન્દ્રો બન્યાં વૉશિંગ્ટન ડી.સી. અને મૉસ્કો.

પ્રજાના મિજાજમાંથી પ્રગટેલી રાષ્ટ્રવાદની ભાવનાએ વીસમી સદીના અંત ભાગમાં શક્તિશાળી સોવિયેત રશિયાનું વિઘટન કર્યું. બર્લિનની દીવાલ તોડી નાખી અને જર્મનીનું એકીકરણ સિદ્ધ કર્યું. આ બનાવો અકલ્પિત અને રોમાંચક હતા. આમ છતાં, વિશ્વમાં સામ્યવાદનાં પૂર ખાળી ન શકાયાં; અને ચીન સહિત યુરોપ-એશિયાઈ દેશો તેના પ્રભાવમાં આવી ગયા. અરે ! દુનિયાનો કેટલોક ભાગ તો 'લાલ રંગે' રંગાઈ ગયો ! હા, વિશ્વ રાજકારણની આ તો માત્ર એક બાજુ જ છે.

વિશ્વરાજકારણની બાજુ પણ એટલી જ સબળ અને સદ્ધર છે અને તે એશિયા, આફ્રિકા અને વિશ્વના અન્ય ભાગોમાં ઉદારમતવાદી ચળવળોએ જે આકાર લીધો છે, તેમાં દૃષ્ટિગોચર થાય છે. આ ચળવળે જ ભારત સહિત ઘણા દેશોમાં રાષ્ટ્રીય અને સ્વાતંત્ર્ય ચળવળનો ઉદ્‌ભવ થયો. તેણે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યપ્રાપ્તિને માટે પોતાનું સર્વસ્વ ત્યાગીને બલિદાનની ભાવના જગાવવાનો એક એવો પદ્ધતિસરનો નૂતન પ્રયોગ કર્યો અને વિકસાવ્યો કે એશિયા-આફ્રિકાના દેશો માટે પ્રેરક અને પ્રોત્સાહક બની રહ્યો.

ભારતની રાષ્ટ્રીય લડતે એક એવું ચિત્ર ઉપસાવ્યું કે જેમાં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ, આબાલવૃદ્ધ સૌ નરનારીઓને તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક સહભાગી બનાવ્યાં હતાં, કે જેણે ગૌરવવંતો ઇતિહાસ સર્જ્યો, આ વિવરણ અહીં કરવામાં આવ્યું છે. બાળકોમાં સ્વાભિમાન અને દેશપ્રેમ પ્રગટે તથા રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થાય તે માટે માતૃભૂમિને સ્વતંત્ર કરવા શહાદત વહોરનાર ક્રાંતિવીરોની વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, લખાણને પુષ્ટિ આપવા જરૂરી નકશા અને ચિત્રો પણ મૂકવામાં આવ્યાં છે. આ એકમમાં **ઔદ્યોગિક ક્રાંતિનો** જે રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે એવા આશયથી કે વિદ્યાર્થીઓ આજના સમાજમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે થયેલી શોધખોળો ભાવિસમાજને પ્રગતિને પંથે લઈ જવામાં કેટલી મહત્ત્વની છે તે બાબત સમજે.

આપણે મહામુશ્કેલીએ પ્રાપ્ત કરેલી આઝાદી, આંતરિક એકતા અને ભાવાત્મક એકતાને સાચવવાની તથા રાષ્ટ્રનો સર્વતોમુખી વિકાસ કરવાની જવાબદારી હરહંમેશને માટે ઉપાડી લઈને નેતૃત્વ પૂરું પાડી શકે, તેવી ક્ષમતા અને સજ્જતા આપણે હવે પ્રાપ્ત કરી લીધી છે.